વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૧૬ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ઑગસ્ટ ૨૨, ૨૦૧૮

# "યાદ રહે કે કુદરતી બજાર જેવી જગ્યાઓ અને ફેરિયાઓ ને રક્ષણ આપતો કાયદો આ દેશ માં છે" - સંજય શ્રીપાદ ભાવે

'સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ' ૨૦૧૪માં સરકારની ફેરિયાઓ તરફની જવાબદારી, ફેરિયાઓના પ્રકાર, હક, ફરજ, પુનર્વસન અંગે વંચિત-તરફી અભિગમ જોવા મળે છે, સરકારો તેનું શું કરે છે ?

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ ખાતાએ ચલાવેલી શહેર સુધારાની ઝૂંબેશથી રોજનું કમાઈને રોજનું ખાનારા લારી-ગલ્લાવાળા અને પાથરણાંવાળાની પથારી ફરી ગઈ છે. તો બીજી તરફ - નોટિસો ફટકારવી, સીલ મારવા, દંડ ઉઘરાવવા, દબાણો હટાવવા જેવાં પગલાંની શહેરીઓને છક કરતી છબીઓ, બહાદુરીભર્યા ભાસતાં બયાનો અને આનંદ આપતા આંકડાથી છાપાં છલકાય છે. અદાલતની અંદરની સુનાવણીઓના અહેવાલો અને અધિકારીઓની મુલાકાતો મુગ્ધતાપૂર્વક વંચાય છે. ખુલ્લા રસ્તા પરથી સડસડાટ દોડી રહેલી મોટરોમાં બેસીને શહેરી વિકાસના ફળ ચખાય છે. પોઝિટિવિટીથી ઊભરાતાં આવા માહોલની વચ્ચે પેલા હજ્જારો ફેરિયા, લારી-ગલ્લાવાળા અને પાથરણાંવાળાની હાલત તો લગભગ ભૂલાઈ જ ગઈ છે. આ મહેનતકશોની જિકર લગભગ પહેલી વખત, આખીય ઝૂંબેશના આશરે સવા મહિના પછી, હમણાં મંગળવારે થઈ. તેમના સંગઠને, આ ઝૂંબેશને કારણે ઊભી થયેલી બેરોજગારી અંગે રજુઆત કરી. તેને પગલે અદાલત સરકારને એવી ટકોર કરી કે એમને અન્યાય કે નુકશાન ન થાય એ જરૂરી છે. એટલે એમની પાસેથી ટોકન રકમ લઈને કાયદેસર જગ્યા ફાળવીને વેચાણનો સમય નક્કી કરવો જોઈએ.

ગુજરાતની વડી અદાલતે બતાવેલું આવું ન્યાયપૂર્ણ વલણ સર્વોચ્ચ અદાલતે છેક ૧૯૮૫માં અપનાવ્યું હતું. તેણે મુંબઈ ફેરિયા સંગઠન વિરુદ્ધ મુંબઈ કોર્પોરેશનની સુનાવણીમાં કહયું હતું કે, દરેક શહેરે ફેરિયા માટેના અને એમના માટે પ્રતિબંધિત એવા વિસ્તારો જાહેર કરવા જોઈએ, જેથી ફેરિયાઓ પોતાનું કામ નિર્વિઘ્ને કરી શકે. બે વર્ષ બાદ સર્વોચ્ચ અદાલતના સૌદાનસિંહ વિરુદ્ધ નવી દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મુકદ્દમાના ચુકાદા મુજબ ફેરિયાઓનો વેપાર એમનો બંધારણીય અધિકાર છે. એ ચુકાદામાં આ પણ નોંધવામાં આવ્યું છે. 'રસ્તા કે શેરીઓ માત્ર આવનજાવન માટે છે એવી રજૂઆતને આધારે ફેરિયાઓને વેપાર-ધંધો કરવાનો અધિકાર, બંધારણની કલમ ૧૯(૧)જી અનુસાર નકારી ન શકાય. યોગ્ય રીતે નિયમન કરવામાં આવે તો પરિસ્થિતિની માંગ મુજબ ફૂટપાથ પરના નાના વેપારીઓ

સામાન્ય પ્રજા માટે સગવડરૂપ છે. રોજબરોજની જરૂરિયાતો તેઓ પ્રમાણમાં ઓછી કિંમતે વેચે છે.' આ ચુકાદા ઉપરાંત, ફેરિયાઓની રોજીરોટીના રક્ષણ માટે ભારતમાં એક આખો કાયદો છે. તેને 'સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેક્શન ઓફ લાવલીહૂડ અને રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડીંગ) એક્ટ' ૨૦૧૪ અને હિન્દીમાં 'પથવિક્રેતા'(જીવિકા સુરક્ષા એવમ પથ વિક્રય વિનિયમન) અધિનિયમ ૨૦૧૪, તરીકે ઓળખાવામાં આવે છે. દેશમાં લેવાયેલાં કેટલાંક અગત્યના પ્રગતિશીલ પગલામાં આ એક છે.

સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટમાં પાયાની વાત એ છે કે, તે ફેરિયાઓની રોજીરોટી મેળવવાના અધિકારને સ્વીકારે છે અને તેને રક્ષણ આપવું એ સરકારની કાનૂની ફરજ ગણાવે છે. તે મુજબ શાસકોએ ટાઉનવેન્ડિંગ કમિટી એટલે કે, નગરના ફેરિયાઓ માટેની સમિતિ બનાવવી જોઈએ. જેના ત્રીજા ભાગના સભ્યો મહિલાઓ હોવી જરૂરી છે. આ કમિટીએ દર પાંચ વર્ષે ઓછામાં ઓછી એક વખત શહેરના ફેરિયાઓનો સર્વે કરવાનો છે. સર્વેમાં આવતા બધા ફેરિયાઓને સરકારે નક્કી કરેલાં વેન્ડિંગ ઝોનમાં અનુસૂચિત જાતિ, જનજાતિ, મહિલાઓ, વિકલાંગો, અશક્ત વ્યક્તિઓ, લઘુમતીઓને પહેલી પસંદગી આપીને સમાવવાનાં છે. વેન્ડર્સ પાસેથી નિયત શુલ્ક અને જાળવણી ખર્ચ લેવાનું છે. જેમને તેમનાં પોતાના ઝોનમાં જગ્યા ન મળે તેમને અન્ય ઝોનમાં સમાવવાનાં છે. જ્યાં સુધી સર્વે પુરો ન થાય અને પ્રમાણપત્રો ન અપાય ત્યાં સુધી કોઈ ફેરિયાને તેની જગ્યા ખાલી કરાવવાની નથી. પોલિસે કે અન્ય કોઈએ અધિકૃત ફેરિયાને વેપાર કરતાં રોકવાનો નથી. કોઈ પણ ફેરિયાને જગ્યા ખાલી કરાવતાં પહેલાં ત્રીસ દિવસની નોટિસ આપવાની છે. જો તેનો માલ જપ્ત કરવામાં આવે તો તેની અધિકૃત યાદીની નકલ તેને આપવાની છે. તદ્ઉપરાંત નિયત દંડ આકારીને વધુમાં વધુ ત્રણ દિવસમાં તે માલ પરત કરવાનો રહે છે. ફેરિયાઓએ પણ અનેક શરતો અને નિયમોનું પાલન કરવાનું રહે છે. તેમાં તેણે બાંહેધરી આપવાની છે કે ફેરિયા તરીકેના કામ ઉપરાંત તેની પાસે આવકનું બીજું કોઈ સાધન નથી. તેણે ફેરિયાઓ માટેના પ્રતિબંધિત વિસ્તારમાં વેપાર કરવાનો નથી. તેના વિસ્તારમાં તેણે સ્વચ્છતા અને જાહેર આરોગ્યની જાળવણી કરવાની છે. નિયમો તોડનાર કે ગેરરીતિ કરનાર ફેરિયા સામે, તેની રજૂઆત પછી જ, પગલાં લેવાની જોગવાઈ પણ આ કાયદામાં છે. સરકાર ફેરિયાઓ માટે ધીરાણ, વીમો, શિક્ષણ, તાલીમ અને વિકાસના કાર્યક્રમોનું આયોજન કરે તે અપેક્ષિત છે. કમનશીબે સરકારો એમનો વિનાશ કરે છે, કોઈના કહેવાતા વિકાસ માટે ! સ્ટ્રીટ વેન્ડર્સ ખસેડવાનું બને ત્યાં સુધી ટાળવાની ભલામણ પણ આ કાયદાના સેકન્ડ સિડયુલમાં કરવામાં આવી છે. વળી, જો અનિવાર્ય સંજોગોમાં એ કરવું જ પડે એમ હોય તો તેના માટે ખૂબ માનવતાભર્યા, ન્યાયપૂર્ણ અને લોકતરફી સૂચનો કરવામાં આવ્યાં છે.

વેન્ડર્સ ઍક્ટના અમલીકરણનો એક ખૂબ મહત્વનો અભ્યાસ દિલ્હીમાં સેન્ટર ફોર સિવિલ સોસાયટીએ ગયા વર્ષે બહાર પાડયો છે. તે જણાવે છે કે, લગભગ બધી જ રાજ્ય સરકારોએ અમલીકરણમાં બેપરવાઈ અને નિષ્ક્રિયતા દાખવી છે. વળી, તેમાં ન્યાયતંત્રના ઢીલાં વલણનો ઉમેરો થતાં, ફેરિયાઓ વધુ અસલામત બન્યા છે એવું પણ નોંધવામાં આવ્યું છે. ઈલાબહેન ભટ્ટે લખેલા 'ગરીબ છૈયે કેટલાં બધાં !' પુસ્તકમાં શ્રમજીવીઓનાં અર્થતંત્રની મહત્તા વાચકના મનમાં ઉજાસ ફેલાવે છે.

વેન્ડર્સ ઍક્ટમાં 'નૅચરલ માર્કેટ' શબ્દપ્રયોગ અનેક વાર કરવામાં આવ્યો છે. તેની વ્યાખ્યા 'ઉત્પાદનોનાં ખરીદ-વેચાણ માટે જ્યાં લોકો પરંપરાગત રીતે વર્ષોથી એકઠા થતા હોય તેવાં બજારો' એમ કરવામાં આવી છે. રસ્તા પર ફરતા કે બેસતા વેપારીઓની બનેલાં આ બજારો એ દેશ અને દુનિયાભરનાં બહુ જ મોટાં અનૌપચારિક અર્થતંત્રનો મહત્વનો હિસ્સો છે. છતાંય શાસકોની નજરે તે મોટેભાગે નડતરરૂપ, પછાત અને બિનશોભાસ્પદ હોય. પરંપરાગત બજારના વિક્રેતાઓની જિંદગી કષ્ટભરી હોય છે. પણ તેમની પાસેથી લોકોને રહેઠાણની નજીકમાં વાજબી ભાવે તાજાં શાકભાજી અને અન્ય સંખ્યાબંધ વસ્તુઓ મળે છે. આપણાં લોકોને ચમકદાર કારમાંથી ફૂટપાથ પર ભાવ કરાવીને વસ્તુઓ લેવી છે, પાર્કિંગ કે સ્વચ્છતાના નિયમો પાળ્યાં વિના લૉ ગાર્ડનની વાનગીઓ ખાવી છે, પણ જ્યારે આવી જગ્યાના આપણા બાંધવો પર બુલડોઝર ફરી વળે છે ત્યારે આપણામાંથી એક વર્ગને તેમાં કાયદાપાલન અને કાર્યક્ષમતા દેખાય છે. અલબત્ત, કોર્પોરેશનની ઝૂંબેશ પૂરેપૂરી લોકવિરોધી છે એમ કહેવાનો અહીં આશય નથી, પણ અદાલતે સત્તાવાળાને જે કંઈ આદેશો આપ્યાં તેના અખબારી અહેવાલો ધ્યાનથી વાંચતાં એક બાબત ધ્યાનમાં આવે છે. અદાલતે દબાણો હટાવવાનું કહયું જ છે પણ લારી-ગલ્લા છિનવીને રોજી આંચકી લો એમ નથી કહયું. અદાલતના

આદેશોના અખબારી અહેવાલોમાં અધિકારીઓની અકાર્યક્ષમતા અને બેદરકારી, પાર્કિંગ નહી પૂરા પાડવામાં બિલ્ડરોની દંડાઇ, રોડ કોન્ટ્રાક્ટરોના ભ્રષ્ટાચાર અને રખડતાં ઢોરોના ત્રાસ અંગે ઘણાં ઉલ્લેખો-આદેશો છે. લારી-ગલ્લા કે ફેરિયા તેને અભિપ્રેત નથી એવું નથી, પણ કોર્પોરેશને તો લારી-ગલ્લા-પાથરણાંવાળાને, ઝૂંબેશનું એક ખાસ નિશાન બનાવી દીધું છે. જાણીતા લોકગીત 'મેંદી લેશું મેંદી લેશું, મેંદી મોટા ઝાડમાં સાસુના ત્રાસથી ઓણનું ચોણ વેતરનારી વહુ કહે છે : મારી સાસુએ એમ કહયું કે રોટલા ઘડી મ્યેલ/ મેં ભોળીએ એમ માન્યું કે ચૂલા ખોદી મેલ્ય...'

- **'નવગુજરાત સમય'માંથી સાભાર**

❑

# રોજીરોટી ખવડાવતી ચમચી

રબારી કૉલોની રોડ પર જ મેટ્રો ટ્રેનનો મોટો ઓવર બ્રિજ બની રહયો છે. સ્વતિક ચાર રસ્તા અમરાઇવાડીથી આગળ આવે રબારી કૉલોની. બાજુમાં ઉષાબેનની ચાલી છે જ્યાં હું પાર્વતીબહેન અને નીશાબહેન સાથે ગયા. અહી બહેનો ચમચી ભરવાનું કામ કરે છે. ઉષાબેનની ચાલીની અંદર જતા જ ઘરના ઓટલા પર જ રંગ બે રંગી પીળો, લાલ, ગુલાબી, સફેદ, વાદળી, પાણી રંગની ચમચીના ડગલા દેખાય. આ ઢગલામાં બેસીને બહેનો રોજી-રોટી કમાય છે.

અમદાવાદ શહેરના દરેક વિસ્તારમાં સોસાયટી કે ચાલીઓ ગલીઓમાં જ્યાં જોઇએ ત્યાં કોઇને કોઇ કામ કે ધંધા સાથે બહેનો જોડાયેલી જોવા મળે છે. એ પછી આસન બનાવવાનું કામ કે ટીક્કી ટાંકવાનું કામ, દુપટ્ટામાં રેસા લગાડવાનું કામ, પેન્ટના ધાગા કટીંગ કરવાનું કામ, સિલાઇ કામ, આંબલી-ચમચી ભરવાનું કામ બહેનો ઘરમાં બેસીને કરે છે. તો ચાલો આજે આવા જ એક નવા ધંધાની વાત જાણવા જઇએ જેનું નામ છે ચમચી પર રબ્બર લગાવીને ગોઠવવટનું કામ.

અમરાઇવાડી વિસ્તાર ઘણો વિશાળ. આ વિસ્તાર ઇન્ડ્રસ્ટીયલ એરિયાથી જાણિતો છે. અહી લોખંડની ફેક્ટરીઓ વધારે જોવા મળે છે. જેમા લોખંડની પાઇપ, એંગલ, છતના પતરા, પીપડા તેમજ તગારા બનાવવાના કારખાના છે. આજુ-બાજુ બસ પતરા અને એંગલો પછડાય તેનો જ અવાજ મોટ્ટે મોટ્ટેથી સંભળાય. લોખંડના કારખાના અને કંપનીઓની આસ-પાસ ચાલીઓ જેમાં રહેતા ગરીબ શ્રમિકો.

સંતોષબેન લલ્લુરામ બાતમ વર્ષોથી અમરાઇવાડીમાં રહે છે. પહેલાં પાપડ બનાવવાનું કામ કરતાં હતાં ને છેલ્લા ૧૦ વર્ષથી ચમચી ભરવાનું કામ કરે છે. તેઓ કહે છે મારા પતિ કારખાનામાં કામ કરે છે. બાળકો ભણે છે. હું ચમચીનું કામ કરું છું. અમારી જાતમાં બહેનો બહાર કામ કરવા ના જાય. એટલે ઘરે બેસીને જે કામ મળે તે કામ કરીએ છીએ. ચમચીનો નાલ ભરવા આપતા શેઠ રોજ ઘરે આપી જાય અને બનેલો માલ લઇ જાય. એક થેલામાં ૧૦ કિલો ચમચી આવે. જે છુટી પાડીને દસ-દસ ગણીને તેના પર રબ્બર બાંધીને મુકવાની. અને બાકી વધેલી તુટેલી-ફુટેલી ચમચીને અલગ થેલીમાં રાખવામાં આવે છે. જ્યારે શેઠ માલ લેવા આવે ત્યારે બનાવેલી ચમચી અને વધેલો કચરો બધો સાથે લઇ જાય. દસ કિલોનો એક થેલો તૈયાર કરીએ એટલે ૨૦થી ૨૫ રૂપિયા મળે. આમ દિવસના ૬૦ રૂપિયા જેટલું કામ થઇ જાય છે.

વિમલાદેવી ભુરાભાઉ તોમર કહે કે, મે ભી કઇ સાલો સે ચમ્મચ્ચ ભરને કા કામ કરતી હૂં. વેસે તો યે કામ મીલ જાતા હૈ. કભી કભાર હી નહી મીલતા. સુબહ-સુબહ માલ આ જાતા હૈ તો લે લેતી હૂં. સવેરે ઘરકા સારા કામ નીપટા કે ઘર કી ચોખટ પર હી બોરા લે કર બેઠ જાતી હૂં. આમને સામને બૈઠે બાતે કરતે જાતે ઔર કામ કરતે જાતે હૈ.

મેં પૂછયું કે, વિમલાબેન આપ યે બહાર બેઠ કર હી ક્યોં કામ કરતી હૈ ? આપ કો ધૂપ નહી લગતી ? તો કહે ના બેન. પર ક્યાં કરે ? ૨૦-૩૦ રૂપિયે કા કામ કરને મેં હમ પુરા દિન તો પંખા નહી ચલા શકતે ના ? સવેરે — સવેરે અગના મેં ધુપ નહી આતી તો, કામ હો જાતા હૈ. દોપહર મે ઘર મેં બૈઠ કર કામ કરતે હૈ. જબ સામ હોતી હૈ, તબ ફીર બહાર ઉજાલે મેં કામ કરતે હૈ. ઐસે હી થોડી બહોત બીજલી કા ખર્ચા ભી બચા લેતે હૈ... તબ હી તો કમાઇ હોગી ના ?

વિમલાબેનની સામેના ઘરના ઓટલા પર બેઠેલા ચમચી બાંધતા લીલાવતી અયોધ્યાપ્રસાદ યાદવ કહે, પહેલાં તો એટલી સરસ મજાની ચમચી આવતી હતી એક જોઇએ ને બીજી ભુલીએ એવી ડિઝાઇન વાળી આવતી ને હવે તો એક જેવી આવે છે. આ ચમચીનો ઉપયોગ હવે બધે થવા લાગ્યો છે. લારી ગલ્લાવાળા જેઓ આઇસ્ક્રીમ, ભેળ-પુરી, ચાટ, મેગી, ન્યૂડલ્સ અને લગ્ન પ્રસંગે આવી ચમચી વપરાય છે. એટલે કે ઓછા પૈસામાં કામ ચાલી જાય.

''મેં તો બુઢી હો ગઇ યે કામ કરતે-કરતે...'' લીલાવતીબેનના જેઠાણી ઇન્દ્રાવતી મુસાફીર યાદવ બોલ્યા. પહેલે બીડી બનાતે થે ફીર ઉસમેં કામ કમ મીલને લગા તો ચમ્મચ્ચ કા કામ શુરું કીયા. હમ રહે અનપઢ, તો ગીનતી આતી

નહી થી. ફીર બચ્ચો સે સીખતે-સીખાતે હુએ ગીનના આયા. અબ તો આંખ બંધ કરકે ભી ચમ્મચ્ચ બાંધ લેતી હૂં.

ગુલાબોરાની રાધેશ્યામ યાદવ કહે કે, હું પણ ૧૫ વર્ષથી કાંટા ચમચી બાંધવાનું કામ કરું છું. મને તો એ બરાબર યાદ છે જયારે મેં નવું નવું ચમચી બાંધવાનું કામ શરૂ કર્યુ હતું. કચકડાની ચમચી આવતી તેને કોથળામાંથી કાઢીને છુટી પાડતી હતી તે કાંટા ચમચીની અણી અંગૂઠામાં ફસાઇ ગઇ અને લોહી લુહાણ હાથ થઇ ગયો. બધી ચમચી પણ બગડી ને પછી હાથે દવા લગાવીને પાટો બાંધ્યો ને એ ચમચીના ઢગલાને પાણી વડે ધોઇને સાફ કરી સુકવીને પછી ફરી બાંધવાનું કામ શરૂ કર્યુ. એવું તો ઘણી વાર વાગે ને વળી પાછું, દવા લગાવીને કામે લાગી જઇએ... કામ ના કરીએ તો બે ટંક જોગા કેમનાં થવાય ?

૧૦ કિલો કાંટાચમચી બાંધવાના ૪૦ રૂપિયા ભાવ મળે છે. કાંટાચમચી મેગી અને ન્યૂડલ્સ માટે વધુ વપરાય છે. અમારા આજુબાજુના એરિયામાં બધાના ઘરે આવી ચમચી બાંધવાનું કામ બહેનો કરે છે.

શહેરમાં નીત-નવાં કેટલાં કામો બહેનો કરતી હોય છે. આવા કામના સાથે ઘણાં શ્રમજીવીઓની રોજી-રોટી જોડાયેલી છે... શહેરીઓને આ કામની જાણ છે ?

આ આખ્ખું કામ તે ઘરખાતા કામદારોનું કામ. ''ઘરખાતા કામદાર''એ શબ્દ પણ 'સેવા'એ જ આપેલો. કારણ કે, ઘરે બેસીને કામ કરતી બહેનોનું ''કામ'' એ ''કામ'' છે તેમજ આ બહેનો ''કામદાર'' છે. નહી તો આ ઘરખાતા કામદાર બહેનો ને તો સરકાર માંથી એ જ કહે કે, અરે ! આ બહેનો તો પોતાનો સમય પસાર કરવાં માટે તેમની ફૂરસદના સમયે આવા ''ફાલતું'' કામો કરે છે... ! આ ઘરખાતા કામદરોનું કામ ''ફાલતુ'' નથી. તેઓ જે કામ કરે છે તેની દશ્યતા નથી અને તેમનાં કામનું રાષ્ટ્રીય આવકમાં પ્રદાન છે. ૮થી ૧૨ કલાક કામ કરે તે સમય પસાર કરવા કે ફૂરસદનો ઉપયોગ કરવા ? ના...

જો આ કાદારો કામ કરશે તો જ બે ટંકના ખાવા ભેગા થશે તેમના કામનું મહત્વ છે. તેમનું ''કામ'' એ ''કામ'' છે... 'સેવા' આ કામદારો માટે નીતિ- નિયમ- કાયદા બને તે માટે ૧૯૭૨થી કામ કરી રહી છે અને સેવાની રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ચળવળથી જ ૧૯૯૬માં દુનિયાભરનાં આવાં કરોડો કમદારો માટે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા(આઇ.એલ.ઓ.)માં કન્વેન્શન નં-૧૭૭ પસાર થયું છે... અને દુનિયાનાં ૧૦ દેશોએ આ કન્વેન્શન રેટીફાય કર્યુ છે. હવે, ભારત સરકાર આના પરથી નીતિ બનાવે તેના ઉપર 'સેવા' કામ કરી રહી છે.

**- ગોમતી**

❑

## સેવા સમાચાર

# આંતરરાષ્ટ્રીય ઘરેલું કામદાર દિવસ

૧૬ જૂન, આંતરરાષ્ટ્રીય ઘરેલું કામદાર દિવસ...

આ જ દિવસે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાએ ઘરેલુ(ડોમેસ્ટીક) કામદારો માટેનું કન્વેન્શન ૧૮૯ પસાર કરી ઘરેલુ કામદારોનાં અધિકારો ને બીજા કામદારોના અધિકારોની માફક જ માન્યતા આપવામાં આવી.

છે ને ઐતિહાસિક દિવસ ...!

તો ઉજવણી તો હોય જ ને ?

ભારત સરકારે આ કન્વેન્શન બનવું જોઈએ તે માટે મત આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થામાં આપેલો પણ કમનસીબે, ભારત સરકારે આપણા દેશમાં આ કામદારો ના અધિકારોને રક્ષણ મળે તે માટેનો કાયદો હજુ પસાર કર્યો નથી.. એટલે જયારે 'સેવા' આંતરરાષ્ટ્રીય ઘરેલુ કામદાર દિવસ મનાવે છે ત્યારે તેમની માંગો-અધિકારો ને માન્યતા મળે તે માટે નીતિ બનાવનારાઓ ઉપર દબાણ લાવે છે. અમુક રાજયોમાં સરકારો એ ઘરેલુ કામદારો માટે લઘુત્તમ વેતન નક્કી કર્યું છે પણ, આ લઘુત્તમ વેતન લાગુ કેવી રીતે કરવું તેની ગોઠવણ/પધ્ધતિ નથી બનાવી જેથી, આ લઘુત્તમ વેતન માત્ર કાગળ ઉપર જ રહે છે ! ઘરેલુ કામદારો માટે 'સેવા'એ એક રાષ્ટ્રીય મંચની કરી છે. જેથી રાજયસ્તર પર આ કામદારો ની માંગો/નીતિ હાંસલ કરી શકાય.

'સેવા' દિલ્હી અને 'સેવા' કેરળ જેવા રાજયોમાં 'સેવા'એ ઝુંબેશ ચલાવે છે કે, ઘરેલુ કામદારોના સાથે ઉચિત રીતે, સન્માનપૂર્વકનો વ્યવહાર થવો જોઈએ.

'મારું ઘર' ઝૂંબેશ

દિલ્હી સેવા ના ઘરેલુ કામદારો સભ્યોએ 'મારું ઘર' ઝૂંબેશ હેઠળ કેટલાંય ઘરો, સોસાયટીઓ, એપાર્ટમેન્ટ બહાર એક ડેસ્ક બનાવી બેનર બનાવી પોતાની માંગો લખી છે કે, સન્માનપૂર્ણ વ્યવહાર, અમારા કામની ઓળખ જોઈએ, અમને ઉચિત વેતન મળે, અમારી સુરક્ષા સુનિશ્ચિત હોય. અને આ બેનો જયાં, જે ઘરોમાં કામ કરે છે ત્યાં વાતચીત કરતાં ૯૦% ઘરો એ આ માટેની વચનબધ્ધતા માટે સહી કરી.

ઘણાં 'સેવા'ના રાજ્યોમાં સભ્યો/આગેવાનોએ સરકારી અધિકારીઓ સાથે મિટીંગો કરી જેથી ઘરેલુ કામદારોના પ્રશ્નો/મુદ્દાઓની જાણકારી તેમને મળી શકે. બિહારના કટિહાર, પટણા, મુંગેરમાં આવા કાર્યક્રમો થયાં. કટિહારમાં શ્રમાયુક્તે આવાં કાર્યક્રમમાં ભાગ લીધો અને કન્વેન્શન ૧૮૯ની વાત કરી. શ્રમાયુક્તનું કહેવું હતું કે, આ કામદારોની સામાજિક સુરક્ષા બોર્ડમાં નોંધણી કરવી જોઈએ. મુંગેરમાં ૧૦૦ ઘરેલુ કામદારોને કન્વેન્શન ૧૮૯ની સમજ આપી અને તેઓ જે ''કામ'' કરે છે તેની ''કામ'' તરીકેની ગણના નથી થતી. આ બોર્ડના સભ્યો માટે આ અનોખો અનુભવ રહ્યો. અને નક્કી કર્યું કે, અમને વ્યાજબી વેતન તો મળવું જ જોઈએ. સેવાના આગેવાન ફિરકીબેન, ગીતાબેને ઘરેલુ કામદારોની તકલીફો જેમ કે, રાશનકાર્ડ નથી, અપૂરતું પાણી, વિજળીની સમસ્યા,પેન્શન નથી મળતું કે, નથી મળતું લઘુત્તમ વેતન... મિટીંગમાં હાજર રહેલા સરપંચે જણાવ્યું કે, લઘુત્તમ વેતન સિવાયની જરૂરીયાતો પુરી કરવા તે ચોક્કસ મદદ કરશે.

ઓરિસ્સાના સરોડા તાલુકાના બહુ જ અંતરિયાળ ગામ ગોડોગોથોના ૭૫ બહેનોએ કાર્યક્રમ કર્યો. ગામના સરપંચ મુખ્ય અતિથિપદે. તેમણે જણાવ્યું કે, બહેનો માટે ઘણી યોજનાઓ છે જેનો લાભ બહેનો સંગઠિત થશે તો ચોક્કસ મળશે. સમાજમાં બહેનોની ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા છે. ઘરેલુ કામદાર બહેનો જે સ્થળાંતરિત થાય છે ત્યારે, ગભરાવવાની કે શરમાવવાની જરૂર નથી. ત્યારે તેમની નોંધણી આ કામદારોની સુરક્ષા માટે જરૂરી છે.

લખનૌમાં શ્રમ અધિક્ષક સાથે ૧૫૦ જેટલાં કામદારોની ચર્ચા ગોઠવેલી જેણમે આવેદન પત્ર સુપ્રત કર્યું. જેમાં માંગ હતી કે, ઘરેલુ કામદારો માટે લઘુત્તમ વેતન નક્કી થાય, તેમને કામના સ્થળે આવવા-જવાની ખૂબ તકલીફ પડતી હોય છે માટે તેમને પરિવહનની યોગ્ય સુવિધા મળવી જોઇએ. ઉપ-શ્રમાયુક્તે જણાવ્યું કે, ઉત્તરપ્રદેશ અ સંઘઠિત ક્ષેત્ર કલ્યાણ બોર્ડ તાજેતરમાં ધરૂ થયું છે જેમાં, આ કાદમારોની નોંધણી તરત જ શરૂ કરીશું.

અમુક રાજ્યોમાં રેલી-પ્રદર્શન થયાં જેમાં, ઉત્તરાખંડમાં પહેલીવાર આ કામદારોની રેલી નિકળી. ઓરિસ્સાના ગંજમ જિલ્લામાં સોરોડ તાલુકાના ગોડોથોલ ગામમાં પણ રેલી નિકળી.

'સેવા' કેરેળાએ ત્રિવેન્દ્રમ્‌માં 'ઘરેલુ દિવસ કાર્યક્રમ' સુરક્ષિત કાર્યસ્થળ જે અમારો અધિકાર છે. એના નારા સાથે ૭૦૦ સભ્યોની રેલી નિકળી. તેમના આગેવાન ઉષા, આશા અને સરોજે પોતાનાં અનુભવો અને પડકારો વર્ણવ્યાં.

'સેવા' પશ્ચિમબંગાળે રેલી કાઢવાનું આયોજન કરેલું પણ, તેમને અનુમતિ ના મળી. પણ તેમણે ૨૧ જૂને રેલી કાઢીને જિલ્લા કલેક્ટરના કાર્યાલયે ગયાં. બેનરમાં અઠવાડિક રજા, લઘુત્તમ વેતન અને સામાજિક સુરક્ષા તેમને મળે તેમજ ''કામદાર'' તરીકેની ઓળખ મળે તે હતું. ત્યારબાદ, શ્રમાયુક્તને મળ્યાં એમણે આશ્વત કર્યા કે, કામદારોની સમાજિક સુરક્ષા હેઠળ નોંધણી શરૂ કરશે. સ્થાનિક કેબલ-ચેનલો એ આ કાર્યક્રમને કવર કર્યો.

'સેવા' મધ્યપ્રદેશે તેમના જુદા-જુદા જિલ્લાઓમાં કાર્યક્રમ આ દિવસે યોજ્યા. મુખ્ય માંગોમાં ઘરેલુ કામદાર માટે કાનૂન અને તેને લાગુ કરવો જોઇએ. લઘુત્તમ વેતન, અઠવાડિક રજા, સામાજિક સુરક્ષાની માંગ મૂકી. પોસ્ટકાર્ડ અભિયાન શરૂ કરવાનું નક્કી કર્યુ. આ માંગો જે-તે સરકારી અધિકારીઓને મોકલવાનું નક્કી થયું. મધ્યપ્રદેશમાં 'સરળ વિજળી' મુખ્યમંત્રી દ્વારા વિજળીના બિલને માફીની યોજના હેઠળ, ઘરેલુ કામદારોનાં ૩ લાખ ૫૦ હજારનાં બિલ માફ થયાં.

મધ્યપ્રદેશનાં શહેરી/ગ્રામિણ કલ્યાણ બોર્ડમાં ઘરેલુ કામદારોની નોંધણી થાય તે પણ માંગ મૂકી. મધ્યપ્રદેશમાં ઉજ્જૈન, સાગર, ભોપાલ, ખંડવા અને ઈન્દોરમાં ૪૦ જાગૃકતા બેઠકો આ અંગેની થઇ.

ગુજરાતમાં યુનિયને નક્કી કર્યું કે, આ અવસરોનો ઉપયોગ આગેવાનોના જ્ઞાન અને કોશલ્ય વિકાસ માટે કરીએ. જેની પાંચ બેઠકો થઇ. જેમાં 'સેવા'ની વિચારધારા, બોર્ડ અભિગમથી ઘરેલુ કામદારોનું યુનિયન મજબૂત બને, તેમજ તેમની ક્ષમતા વિકાસ વધુ થાય જેથી, તેઓ વધુ કમાઇ શકે. ઉપરાંત, કન્વેન્શન ૧૮૯ની સમજ તેમજ જાતીય સતામણી વખતનાં અધિકારોની સમજ આપી. બીજી મહત્વની વાત તે વાતચીત ની કળા, વ્યક્તિગત સ્વચ્છતા, કાર્યસ્થળે શિષ્ટાચાર સંબંધી તાલીમો થઇ.

કાર્યસ્થળ પર થતી સતામણી માટે સેવામાં નિર્ણય લેવાયો હતો કે, આ અંગેના કાયદા કે જે, વર્ષ ૨૦૧૩માં બન્યો છે તે અંગેની જાગૃતતા લાવવાની જરૂર છે. આ માટે દિલ્હીમાં નુક્કડ નાટક થયાં કેરળમાં કોટ્ટાયમ, અર્નાકુલમ, ત્રિવેન્દ્રમમાં ગોળમેજી ચર્ચા થઇ જેમાં, સ્થાનિક ફરિયાદ કમિટી, મહિલા આયોગ, બાળ અધિકાર આયોગ, શ્રમવિભાગ અને યુનિયનો એ ભાગ લીધો. ત્રિવેન્દ્રમ્ ના કલેક્ટરે તેમના કલેક્ટરેટ હોલમાં આ બેઠક માટે અનુમતિ આપેલી. સેવા ત્રિવેન્દ્રમે પત્રકાર પરિષદને આ શ્રમજીવી કામદારો અંગે વધુ લખવા જણાવ્યું.

# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :
૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

## જામીનની ઝંઝટ વગર તાત્કાલિક લોન મેળવો

- આપની જ ફિક્સ ડિપોઝીટ અને રીકરીંગ ડિપોઝીટની બચત સામે ૯૫% સુધીની રકમની લોન મેળવો અને આપણી બચતને સુરક્ષિત રાખો.
- નેશનલ સેવિંગ્સ સિર્ટીફીકેટ (NSC )તથા કિસાન વિકાસ ત્ર (KVP) સામે ૮૦% સુધી લોન તાત્કાલિક મેળવો.
- આપના સોનાના દાગીના સામે તાત્કાલિક લોન મેળવો.

## સેવા બેંકમાં મળતી લોન

- ➢ સેવા બેંકમાં ખાતું ખોલાવો અને તરત જ લોન મેળવો.
- ➢ નિયમિત બચત કરી અને ઝડપી લોન મેળવો.
- ➢ ધંધા માટે - નવો ધંધો શરુ કરવા- જુના ધંધાનો વિકાસ કરવા- ધંધા ના સાધનો વસાવવા.
- ➢ રીકરીંગ તથા ફિક્સ ડિપોઝીટ સામે ૯૫% રકમ સુધી વગર જમીને ઝડપી લોન મેળવો.
- ➢ વાહન ખરીદવા માટે લોન મેળવો.
- ➢ સરળ ગ્રૂપમાં ઘરે બેઠા લોન મેળવો.
- ➢ ઘર વપરાશ તથા સૂર્ય શક્તિથી ચાલતા સાધનો ખરીદવા લોન મેળવો.
- ➢ માલ સ્ટોક હાઈપોથીકેશન લોન આપવામાં આવે છે.
- ➢ મકાન મોર્ગેજ કરીને લોન આપવામાં આવે છે.

## બેંકની શરતોને આધીન

- ઝટપટ લોન
- સ્વરોજગાર લોન ધંધાના વિકાસ માટે

## લોન નિયમિત ભરવાથી થતા ફાયદા

- ➢ લોન નિયમિત ભરવાથી વ્યાજનું વ્યાજ ભરવું ન પડે.
- ➢ લોન નિયમિત ભરવાથી બેંકની બીજી યોજનાઓનો લાભ મળી શકે છે.
- ➢ નિયમિત લોન ભરવાથી બેંકમાં શાખ વધે છે અને બીજી લોન ઝડપથી મળે છે.
- ➢ બેંકમાં અને સમાજમાં માન વધે છે. તેનાથી તમે બીજી બહેનોને પણ લોન અપાવવામાં મદદરૂપ થઇ શકો છો.
- ➢ લોન જે હેતુ માટે લો, તેમાં જ તેનો ઉપયોગ કરવો જરૂરી છે.

આમ, આંતરરાષ્ટ્રીય ઘરેલુ દિવસની ઉજવણી સફળ રહી. આ સંઘર્ષને ચાલુ રાખવા ઘરેલુ કામદારો જ્યાં કામ કરે છે તે તેમજ સરકાર ને ઘરેલુ કામદારોના પક્ષમાં રહે તે મહત્વપૂર્ણ છે.

સંગઠિત થઇ સફળતા મેળવીશું.

સંવા સંગઠનની કદમ કૂચ...

ઘરેલુ કામદારો એકજૂટ થઇ કામિયાબ થાય તે શુભેચ્છાઓ.

**- નલિની નાયક**

'સેવા' કેરળ

❑

# સ્વર્ગસ્થ અટલબિહારી વાજપાઇને ભાવભીની અંજલિ

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી આદરણિય શ્રી અટલબિહારી વાજપાઇને 'સેવા' તરફથી અનેક અંજલિ અર્પણ કરીએ છીએ. 'સેવા'ની ગરીબ, શ્રમિક બહેનો તેમનું ઋણ કદિ ભૂલશે નહિ.



૨૦૦૦ના વર્ષે ગુજરાતમાં ભયંકર દુષ્કાળ પડ્યો હતો. રણવિસ્તારની વસતિ ઘણી પીડાતી હતી. ન પાણી, ન કામ. કચ્છ અને પાટણ જિલ્લાની પરિસ્થિતિ વિપરીત હતી. ત્યાંની બહેનો ઘરમાં બેસી ભરતકામ કરતી, પણ તે કામ બંધ થવા લાગ્યું. કાચોમાલ ખરીદવાની શક્તિ ખતમ થઇ ગઈ હતી ત્યારે 'સેવા'એ ભારતસરકારને વિનંતિ કરેલી કે ભરતકામ ચાલુ રહે તેવું થાય તો ઘર રોટલા ભેગું તો થાય. બાદમાં રૂબરૂ રજૂઆત શ્રી વાજપાઇજીને કરેલી. તેમણે એક ફંડનું પ્રયોજન કરી આપ્યું. ૫૦૦૦ જેટલી બહેનો ખૂબ કામે લાગી ગઈ. અમે રાજીરાજી થઈને મા. પ્રધાનમંત્રીજીને વિગતો મોકલાવી શ્રી અટલજીએ અમને તેમના નિવાસસ્થાન કમ્પાઉન્ડ—બગીચામાં તેનું પ્રદર્શન કરવા આમંત્ર્યા. તે પોતે પણ હાજર રહ્યા અને આ બહેનો સાથે મિટીંગ કરી સૌને ખૂશી થઈને આશીર્વાદ આપ્યા. 'સેવા' આ ઋણ કેમ ભૂલે?

નોંધનીય તો એ પણ છે કે દુષ્કાળ રાહતમાં કામોના શિડયુલમાં ઘેર બેસી થતાં હાથ કારીગરીનાં કામને સામેલ કરવાનું પહેલીવાર બન્યું, બાકી તો હંમેશ શારીરિક મજૂરી જ સામેલ હતી.

નોંધનીય એ પણ ખરું કે ગુજરાતના મુખ્ય પ્રધાન મા. શ્રી કેશુભાઈનો આમાં સળંગ પૂરો સપોર્ટ હતો.

૨૦૦૨ના વર્ષે થયેલા કોમી હુલ્લડ દરમ્યાન 'સેવા'ના સભ્યોમાં અનેકાનેક બહેનોએ પતિ ગુમાવ્યા અને બાળકોએ પિતા ગુમાવ્યા. શ્રી વાજપાઈજીએ શહેરની મુલાકાત લીધી. તેમના એક-બે ઓફિસરો કેમ્પની મુલાકાતે આવ્યા. પાંચ કેમ્પમાં સેવાના બહેનો-બાળકો હતા. સાંજે જ્યારે સરકીટ હાઉસમાં ગુજરાતના કેટલાક નાગરિકો તથા સરકારી પદાધિકારીઓની સાથે વાજપાઈજીએ મિટીગ કરી ત્યારે મેં આ દુર્દશાની વાત નિખાલસપણે કરી અને બહેનોની દુઃખદ પરિસ્થિતિ જણાવી. વાજપાઇજીએ એરપોર્ટ પર પત્રકાર પરિષદમાં કહ્યું કે, કોમી વિગ્રહને કારણે બેઉ કોમનાં વિધવા બહેનો અને અનાથ બાળકોને જીવનમાં ફરી બેઠા થવા પાંચ વર્ષ માટે ફંડ આપવાનો દિલાસો દીધો. એ ફંડને પરિણામે 'સેવા'માં કેટલીયે 'શાંતાબેનો' (બન્ને કોમ) અને 'હમારે બચ્ચે' ને લાભ મળ્યો. તેઓને જીવતદાન મળ્યું. તેઓ આજે 'સેવા'માં પ્રવૃત્ત છે. આ ઋણ કેમ ભૂલાય ?! તે બહેનો ખાસ ભાવનાપૂર્વક વાજપાઇજીને અંજલિ અર્પે છે.

જ્યોતિબેન, દિલથી કહું તો હું પોતે પણ શ્રી વાજપાઇજીનો માનવતા ભર્યો વ્યવહાર અને રાજકીય ટેકો ભૂલી શકતી નથી. રાજ્યસભામાં હું નોમિનેટેડ મેમ્બર, કોઇ પક્ષમાં જોડાયેલી નહી તેમ છતાં રાજ્યસભામાં ત્રણ વખત વિરોધપક્ષના નેતા મા.શ્રી વાજપાઇજીએ મને તેમના અસરકારક શબ્દો બોલીને ટેકો આપેલો. એક તો જેમાં નેશનલ વેન્ડર્સ પોલિસીની માંગ કરી તે સ્ટ્રીટવેન્ડર્સનું રેઝોલ્યુશન મેં પેશ કર્યું અને સર્વાનુમતિએ પાસ થયું, ત્યારે તે મારા આ ઠરાવના ટેકામાં બોલ્યા હતા. બીજું, પ્રાઇવેટ મેમ્બર તરીકે મેં હોમબેઝ્ડ વર્કર્સ રેકગ્નીશનનું કાનૂની બિલ સભામાં પેશ કર્યું હતું, ત્યારે પણ ટેકો આપ્યો હતો. ત્રીજું, ચાઈલ્ડ લેબર એક્ટના એક એમેન્ડમેન્ટના બિલ પર બોલી હતી ત્યારે પણ મારા ટેકાના શબ્દો બોલ્યા હતા. જ્યોતિ, પૂરી વિગત હું ભૂલી ગઈ છું ભૂલચૂક માફ કરશો.

'સાર્ક'ના રચિત 'સેકન્ડ કમિશન ઓન પોવર્ટી

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-8-2018

એલીવેશન'માં તેમણે ઈન્ડિયાના એન્વાયરમેન્ટ સેક્રેટરી શ્રી ઘોષ સાથે મારી નિમણુંક કરેલી. નોંધનીય તો એ છે કે, આ કમિશનના એક ભલામણમાં 'સાર્ક ડેવલપમેન્ટ ફંડ' રચવાનું સૂચન હતું. આ કમિશનનો અમારો રીપોર્ટ તે થોડા જ મહિનામાં ઈસ્લામાબાદ ખાતે મળનાર 'સાર્ક' પરિષદમાં રજૂ થયો, અને તેમાં મા. શ્રી વાજપાઈજીએ ઈન્ડિયા તરફથી ૧૦૦ મિલિયન ડોલરનું ફંડ અર્પણ કર્યું, એવી શરત સાથે કે તેનો ઉપયોગ ઈન્ડિયા સિવાયના સાર્કના દેશોમાં થાય. ગરીબો, બહેનો, શ્રમિકોના વિકાસ ઉપર વિશેષ ભાર મૂક્યો. આ ફંડનો લાભ લેનાર સાર્ક દેશોની કારીગર બહેનો 'સેવા'માં તાલીમો અર્થે આજ સુધી આવતી જ રહે છે. તે બહેનો પણ મા. શ્રી વાજપાઈજીને કેમ ભૂલે? અમારા સ્મરણોથી તો દરિયો ભરાઈ જાય તેમ છે.

આ તમામ બહેનો વતી 'સેવા' સ્વ. શ્રી અટલબિહારી વાજપાઈજીને સહૃદય શોકાંજલિ અર્પણ કરે છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો!

**- (જ્યોતિબેને લીધેલો ઈલાબેનનો ઈન્ટરવ્યુ)**

❑

## અનસૂયા

- ૩૬માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-8-2018**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]